# સોનાની કિંમતમાં સતત વધારો





નવી દિલ્હી, ૩

સોનાના ભાવમાં તીવ્ર વધારાનો દોર જારી રહ્યો છે. સોનુ આજે વધુ વધીને ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો. સોનાની કિંમતમાં સતત વધારા માટે તીવ્ર માંગને પણ જવાબદાર ગણવામાં આવે છે. અમદાવાદ બુલિયન બજાર ઉપર નજર કરવામાં આવે તો ગઈકાલે સોના (૯૯.૯)નો ભાવ ૨૯૫૦૦થી ૨૯૬૫૦ હતો જે આજે વધીને ૨૯૫૭૫થી ૨૯૬૭૫ વધ્યો હતો. આનો મતલબ એ થયો કે સોનાની કિંમતમાં આજે વધુ વધારો થયો હતો. બીજી બાજુ ચાંદી ચોરસાની કિમતમાં સ્થિતિમાં ફેરફાર થયો ન હતો. ચાંદી ચોરસાનો ભાવ ૫૫૩૦૦થી ૫૫૮૦૦ બોલાયો હતો. બીજી બાજુથી નવી દિલ્હીથી પ્રાપ્ત અહેવાલ મુજબ બુલિયન માર્કેટમાં સોનાનો ભાવ ૨૯૬૯૫ બોલાયો હતો. ગઈકાલે સોનાની સપાટી ૨૯૬૯૫ નોંધાઈ હતી.

# રાજકારણમાં સામેલ થવાની હાલમાં કોઈ યોજના નથી : આમીર ખાન

મુંબઈ, તા.૩

બોલિવુડના સુપર સ્ટાર આમિરખાને રાજકારણમાં સામેલ થવાની ચાલી રહેલી અટકળો પર પૂર્ણવિરામ મૂકતા જણાવ્યુ છે કે રાજકારણમાં સામેલ થવાની તેની કોઈ યોજના નથી. હાલમાં પોતાના શો સત્યમેવ જયતેની તૈયારીને લઈને વ્યસ્ત રહેલા આમિરખાને રાજકારણમાં સામેલ થવા અંગે પ્રશ્ન કરવામા આવતા આ મુજબનો ખુલાસો કર્યો હતો. મુદ્દા આધારિત ટેલિવિઝન શો સત્યમેવ જયતે માટે ભારતના જુદા જુદા ભાગોમાં પ્રવાસ ઉપર રહેલા આમિરખાને ભારતના લોકો સાથે હાલ વધુ સમય ગાળ્યો છે.



લોકોને વધુ નજીકથી સમજવાના પ્રયાસો કરવામા આવી રહ્યા છે. આમિરખાન રાજકારણમાં પ્રવેશ કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા આમિરખાને કહ્યુ હતુ કે તે એક અભિનેતા તરીકે ખુશ છે. મનોરંજન કરનાર તરીકે તે જ રહેવા માંગે છે. અભિનેતાએ કહ્યુ હતુ કે સમાજના લોકોને મનોરંજન કરીને તે સંતોષ અનુભવ કરે છે. આમિરખાને અન્ય ઘણા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. રાજ્યસભામાં માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરની નોમિનેશન અંગે પ્રશ્ન કરવામાં આવતા આમિરખાને ખૂબ જ કુશળતા પૂર્વક જવાબ આપ્યા હતા. આમિરખાને જવાબમાં કહ્યુ હતુ કે સચિન એક ઈંટનલીજન્ટ વ્યક્તિ છે અને રાજકારણમાં પ્રવેશ કરવાની તેની કોઈ યોજના નથી.

# રૂપિયામાં ઘટાડાને રોકવા રીઝર્વ બેંક ડૉલરનું વેચાણ કરશે

મુંબઈ તા. ૩

ડોલર સામે રૂપિયામાં થઈ રહેલા ઘટાડાને લઈને સરકાર અને આરબીઆઈની ચિંતા વધી ગઈ છે. હવે રૂપિયામાં ઘટાડાને રોકવાના હેતુસર આરબીઆઈ ફોરેન એક્સેંજ માર્કેટમાં ડોલરનો વેચાણ કરે તેવી શકયતા દેખાઈ રહી છે. કારોબારીઓનુ કહેવુ છે કે રૂપિયો ચાર મહિનાની નીચી સપાટી પર પહોંચી ગયા બાદ આરબીઆઈ વિદેશી હુંડિયામણ બજારમાં ડોલર વેચવા માટે કમર કસી ચુકી છે. ડોલર સામે રૂપિયો ૫૩.૪૫૫૦ની સપાટીએ ઈન્ટ્રાડે દરમિયાન પહોંચ્યો હતો. મોટાભાગના બજાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે ડોલર સામે રૂપિયો હજુ



નબળો રહેવાની શકયતા છે. બીજી બાજુ કેટલાક નિષ્ણાંતોનુ તો એમ પણ કહેવુ છે કે આરબીઆઈના પગલા છતા ડોલર સામે રૂપિયો ઘટીને ૫૫-૫૬ની નીચી સપાટીએ પહોંચી શકે છે. બજાર ઉપર નજર રાખી રહેલા જાણકાર લોકો માને છે કે વર્તમાન ખાતાકીય સમસ્યા મોટી તકલીફ બની ગઈ છે. વેપારખાદ્યને કાબૂમાં લેવાના પ્રયાસો સફળ સાબિત થઈ રહ્યા નથી. એફઆઈઆર પ્રવાહની તાત્કાલિક જરૂર છે પરંતુ એફઆઈઆઈ પ્રવાહ નબળી સ્થિતિમાં રહેતા ચિંતાજનક સ્થિતિ છે. આજ કારણ સર રૂપિયા ઉપર દબાણ વધી ગયુ છે જો યોગ્ય સમયે આરબીઆઈ સપાટીનો કાબૂમા લેવા દરમિયાનગીરી કરશે તો સ્થિતિમાં સુધારો થઈ શકે છે. આરબીઆઈની દરમિયાનગીરી વગર સ્થિતિ વધુ વણસી જશે. એફઆઈઆઈ પ્રવાહ વગર રૂપિયો તીવ્ર દબાણ હેઠળ યથાવત રહેશે. બીએનપી પારિબસના નિષ્ણાંતે કહ્યુ છે કે બજારને જો રૂપિયો ઘટીને ૫૫ની સપાટીએ પહોંચશે તો પણ આશ્ચર્ય થશે નહીં. નોંધપાત્ર પ્રમાણમાં વેપારખાદ્ય સાથે સાથે વર્તમાન નાણાકીય ખાદ્ય અને મોટાપાયે સોનાની આયાત જેવા પરિબળોના લીધે રૂપિયો મુશ્કેલીમાં છે. રૂપિયામાં તીવ્ર દબાણ આવી રહ્યુ છે. આરબીઆઈએ પણ હવે રૂપિયાની સ્થિતિને કાબૂમાં લેવા તૈયારી કરી છે. રૂપિયોનો ભાવ ડોલર સામે ૫૩.૪૨ રહ્યો હતો.

# કિંગફિશરે ઍરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયાને હજુ ૨૮૦ કરોડ ચૂકવ્યા નથી

મુંબઈ, તા.૩

કિંગફિશરે એરલાઈન્સની હાલત નાણાકીય રીતે કફોડી બનેલી છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીત સિંહે રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમા જણાવ્યુ હતુ કે ૭ હજાર કરોડથી વધુનો દેવુ ધરાવનાર કિંગફિશર એરલાઈન્સે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ૨૮૦ કરોડ રૂપિયા પણ હજુ ચુકવ્યા નથી. તેમણે કહ્યુ હતુ કે કિંગફિશર એરલાઈન્સ પર ઉતરાણ અને પાર્કિંગ મામલે ૨૭૨.૫૨ કરોડનુ દેવુ છે જેમા આરએનએફસી, લાઈસન્સ ફીનો પણ સમાવેશ થાય છે. અજીત સિંહે કહ્યુ હતુ કે એરલાઈન સમયસર તેના દેવાની ચુકવણી કરે તે માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ખાતરી કરવાના પ્રયાસ કરવામા આવી રહ્યા છે તેમણે ઉમેર્યુ હતુ કે એરલાઈન દ્વારા ચુકવણીમાં ડિફોલ્ટના કેસમાં દંડ લાદવા જેવા પગલા લેવાઈ શકાય છે. સાથે સાથે ક્રેડિય ફેસેલીટીને પરત ખેંચવામાં આળી શકે છે. એરલાઈનોએ કેશ એન્ડ ક્રેડિટ પોલિસી અપનાવી છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં સિંહે કહ્યુ હતુ કે એરઈન્ડિયા અને કિંગફિશરના કર્મચારીઓને નિયમિત રીતે પગારની ચુકવણી થઈ રહી નથી તેવા અહેવાલો મળ્યા છે અને આ અહેવાલોમાં ચકાસણી કરવામા આવી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે મંત્રાલય પાસે વર્તમાન સ્થિતિ અંગે માહિતી નથી. ખાનગી એરલાઈન્સોના કર્મચારીને કેટલા પગારની ચુકવણી કરવામા આવી છે તેનો આંકડો હજુ મળ્યો નથી.

# શ્રીનિવાસના પુત્રને જેલમાં રાત ગાળવાની ફરજ

મુંબઈ, તા.૩

બીસીસીઆઈના પ્રમુખ એન શ્રીનીવાસનના પુત્ર અશ્વિન અને તેના મિત્રની ધરપકડને લઈને ભારે ચર્ચા જામી છે. શ્રીનીવાસનના પુત્રને પોલીસ સાથે મારામારી કરવા બદલ જેલમાં રાત્રી ગાળવાની ફરજ પડી હતી. અશ્વિન અને તેના એક મિત્રની ઉપનગરીય બાંદ્રામાં રેસ્ટોરન્ટ-પબના સ્ટાફ સાથે મારામારી કરવા અને ત્યારબાદ બિલની ચુકવણી કરવા બાદ જ બાર છોડવા તેમને સુચના આપનાર પોલીસને માર મારવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આજે સમગ્ર ઘટના અંગે માહિતી આપતા કહ્યુ હતુ કે ૪૦ વર્ષીય અશ્વિન અને તેના ૩૫ વર્ષીય મિત્ર કૃષ્ણમૂર્તિને બાંદ્રા પોલીસ સ્ટેશનમાં લોકઅપમાં રાખવામા આવ્યા હતા ત્યાર બાદ લોકલ કોર્ટમા રજૂ કરાયા પછી જામીન મળ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ અશ્વિન સોમવારે રાત્રે એસકોબારમાં ગયો હતો અને



શરાબના નશામાં આવી ગયો હતો. વધુ દારુ પી જવાને કારણે તેને ભાન રહ્યો ન હતો. અશ્વિને મોડી રાત સુધી દારુની માંગ કરતા સ્ટાફે ઈનકાર કર્યો હતો જેથી અશ્વિન અને તેના મિત્રએ વેટર સાથે બોલાચાલી કરી હતી અને બિલ ચુકવવા ઈનકાર કર્યો હતો તેમનુ બિલ ૩૦ હજાર રૂપિયા થઈ ગયુ હતુ. તેમનો ઓર્ડરો સ્વીકારી લેવામાં આવ્યા હતા. જ્યારે સ્ટાફે ઈનકાર કર્યો ત્યારે તેમના ઉપર હુમલો કરવામા આવ્યો હતો. આ ગાળામાં એક પોલીસની નજર બારમાં આ ઘટનાક્રમ ઉપર પડી હતી. જ્યારે બિલ ચુકવી દેવા પોલીસે તેમને કહ્યુ ત્યારે કોન્સટેબલ ઉપર પણ હુમલો કરવામાં આવ્યો હતો. બંનેને મોડેથી કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આઈપીસીની જુદી જુદી કલમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ફરજથી કર્મચારીને રોકવાનો પણ તેમના ઉપર આક્ષેપ મૂકવામા આવ્યો હતો. આઈપીએલ ટીમના ચેન્નાઈ સુપર કિંગ્સના માલિક શ્રીનિવાસનનો સંપર્ક કરવામા આવતા તેઓ ખરાબ વર્તન કર્યુ હતુ અને ફોન કાપી નાખ્યો હતો.

## ટેક મહિન્દ્રા સાથે મહિન્દ્રા સત્યમના મર્જરને મંજૂરી

નવી દિલ્હી, તા.૩

કોમ્પીટીશન વોચ ડોગ સીસીઆઈએ આખરે ટેક મહિન્દ્રા સાથે મહિન્દ્રા સત્યમ અને અન્ય કંપનીઓના સુચિત મર્જરને લીલી ઝંડી આપી દીધી છે. આની સાથે જ ૨.૪ અબજ ડોલરની મહાકાય કંપની બની ગઈ છે. ટેક મહિન્દ્રા સાથે મહિન્દ્રા સત્યમના મર્જરને લઈને છેલ્લા ઘણા સમયથી હિલચાલ ચાલી રહી હતી. સીસીઆઈએ માહિતી આપતા કહ્યુ છે કે તમામ પાસાઓ પર વિચારણા કર્યા બાદ મંજૂરી આપવામા આવી છે. મહિન્દ્રા સત્યમ ઉપરાંત ટેક મહિન્દ્રામાં જે કંપનીઓ મર્જ થઈ રહી છે તેમાં વેન્ટુર બે કન્સલટન, સીએનએસ સિસ્ટમ, મહિન્દ્રાલોજી સોફ્ટનો સમાવેશ થાય છે.

# વિદેશમાં કામ કરતા ગરીબ ભારતીય માટે પેન્શન સ્કીમ

કોચી, તા.૩

વિદેશી ભારતીય બાબતોના પ્રધાન વ્યાલર રવિએ માહિતી આપતા કહ્યુ છે કે ભારત સરકાર વિદેશમાં કામ કરતા ગરીબ ભારતીયોને નાણાકીય સુરક્ષા ઉપલબ્ધ કરાવવા પ્રયાસ ઉપર નવી પેનશન એન્ડ લાઈફ ઈન્સોયરંસ ફંડ (પીઆઈએલએફ) વધુ પ્રોત્સાહન આપવા ઈચ્છુક છે. આને પ્રોત્સાહન આપવાની પણ તૈયારી ચાલી રહી છે. એક પાયલોટ સ્કીમ શરૂ કરતા રવિએ કહ્યુ હતુ કે પીઆઈએલએફ ઈચ્છતા લોકોને મદદ રૂપ થવા ભારતીય દુતાવાસોને સુચના આપવામાં આવી છે. આ સ્કીમને પ્રોત્સાહન આપવા માટે ઘણા સમયથી બિનનિવાસી ભારતીય સંસ્થાઓ દ્વારા અપીલ કરવામાં આવી રહી હતી. પીઆઈએલએફ વિદેશમાં કામ કરતા ગરીબ ભારતીય વર્કરો માટે છે જેમની વય ૧૮થી ૫૦ વર્ષની છે. આ લોકો વર્ક પરમીટ અથવા એમ્પલોયમેન્ટ કોન્ટ્રાક ધરાવે છે આ લોકોના પાસપોર્ટ ઈમીગ્રેશન કલીયરન્સ રિકવાયર્ડ સ્ટેમ્પ સાથે પ્રતિષ્ઠા ધરાવે છે. વર્કરને સભ્ય બનવા માટે ૫૦૦૦ રૂપિયા ચુકવવા પડશે. સરકાર ૨૦૦૦ રૂપિયાનુ યોગદાન આપશે. જો વ્યક્તિ સ્થાનિક મદદ લેશે તો આ રકમ ૩૦૦૦ રૂપિયાની રહેશે. પેનશન ૬૦ વર્ષની વય બાદ શરૂ થશે. આ એક જીવન વીમા સ્કીમ છે આનાથી રીસેટલમેન્ટ માટેની બચત અને મોટી વયમાં બચત કરવામાં મદદ મળશે.

# ક્રિસ ગેઈલની વિન્ડીઝ ટીમમાં વાપસી માટેનો માર્ગ હવે સંપૂર્ણપણે મોકળો

નવી દિલ્હી,તા.૩

વિશ્વના ધરખમ બેટ્સમેન તરીકેની પ્રતિષ્ઠા ધરાવતાં ક્રિસ ગેઈલની વિન્ડીઝ ટીમમાં વાપસી માટેનો માર્ગ હવે સંપૂર્ણપણે મોકળો થયો છે. વિન્ડીઝ તરફથી રમતના તમામ સ્વરૂપમાં રમવાની ઈચ્છા ક્રિસ ગેઈલ વ્યક્ત કરી ચૂક્યો છે. સમરસેટ સાથે ટ્વેન્ટી-૨૦ કોન્ટ્રાકટમાંથી ક્રિસ ગેઈલ બહાર નીકળી ગયો છે. આ હિલચાલ ક્રિકેટ ચાહકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ક્રિસ ગેઈલ અને વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડ વચ્ચે છેલ્લા એક વર્ષથી મડાગાંઠ ચાલી રહી હતી. ગયા વર્ષે એપ્રિલમાં રેડિયો ઈન્ટરવ્યૂહ દરમિયાન બોર્ડ અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ ક્રિસ ગેઈલ ફસાઈ ગયો હતો જેથી ટીમમાં તેની પસંદગી કરવામાં આવી રહી ન હતી. ઈંગ્લેન્ડના પ્રવાસ માટે ટેસ્ટ ટીમમાં ગેઈલનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો પરંતુ બંને પાર્ટી વચ્ચે સમજૂતી થઈ ચૂકી છે.

હવે વન-ડે માટે અને



ત્યારબાદ ટેસ્ટ માટે તેના નામ ઉપર વિચારણા થઈ શકે છે. જો કે સમરસેટ સાથે કરારના કારણે ઘણી ગૂંચવણ હતી. આખરે આ કોન્ટ્રાક્ટ ગેઈલે તોડી દીધો છે. જેથી હવે તેના નામ ઉપર વિચારણા થઈ શકશે. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડના કારોબારીનું કહેવું છે કે હવે તેના નામ ઉપર વિચારણા થઈ શકે છે. તમામ સ્વરૂપમાં ઉપલબ્ધ રહેશે તેવી જાહેરાત ગેઈલે કરી દીધી છે જેથી તેની વાપસીનો માર્ગ મોકળો થયો છે. ક્રિસ ગેઈલ ઘણા સમયથી ટીમ તરફથી રમ્યો નથી. વર્ષ ૨૦૧૧ના વર્લ્ડકપ બાદથી તે વિન્ડીઝ તરફથી રમ્યો નથી. આઈપીએલમાં હાલ તે ધરખમ દેખાવ કરી રહ્યો છે. આઈપીએલમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓની યાદીમાં તે ત્રીજા સ્થાને છે. તેની છેલ્લી પાંચ ઈનિંગ્સમાં ગેઈલે ક્રમશ ૮૧, ૮૭, ૪, ૮૬ અને ૭૧ રન બનાવ્યા છે.

## ટીડીએસ રિટર્નમાં ખોટી માહિતી હશે તો એક લાખનો દંડ થશે

કોલકાતા,તા.૩

સરકારે મહેસૂલી વસૂલીને વધારવાના હેતુસર ટીડીએસ પર હવે ધ્યાન કેન્દ્રીત કરી દીધુંછે. ટીડીએસ રિટર્નમાં ખોટી માહિતી આપવા અને ફાઈલીંગમાં ભૂલ કરતી વેળા હવે ૧૦,૦૦૦ રૂપિયાથી લઈને ૧ લાખ રૂપિયા સુધીનો દંડ ભરવો પડી શકે છે. આ જોગવાઈ ૧લી જુલાઈથી અમલમાં આવી જશે. આ જોગવાઈ અમલી બન્યા બાદ ટીડીએસ રિટર્ન ભરતી વેળા ખૂબ જ સાવધાની રાખવી પડશે.

ઈન્કમટેક્સના જોઈન્ટ કમીશનર એ કે ડેએ કહ્યું છે કે ફાઈનાશિયલ બિલમાં સૂચિત સુધારા પસાર થઈ ગયા બાદ ટીડીએસ રિટર્ન ખોટી રીતે ભરવાની સ્થિતિમાં અથવા તો ખોટી માહિતી આપવાની સ્થિતિમાં ૧૦,૦૦૦ રૂપિયાથી લઈને એક લાખ રૂપિયા સુધીનો દંડ થશે. ફાઈલીંગમાં ભૂલ હોવાની સ્થિતિમાં પણ જંગી દંડ થશે. હાલમાં રિટર્ન ભરતી વેળા કોઈ ભૂલ થવાની સ્થિતિમાં અથવા તો ભૂલ સુધારવા માટે નવા રિટર્નમાં પણ ભૂલ રહી જવાની સ્થિતિમાં કોઈ દંડની જોગવાઈ નથી. જો કે મોડેથી રિટર્ન ભરવાની સ્થિતિમાં દંડની જોગવાઈ રહેલી છે. સરકારના કુલ ડાયરેક્ટ ટેક્સમાં ટીડીએસની ૪૦ ટકા જેટલી હિસ્સેદારી રહે છે. ટેક્સ વિભાગ માને છે કે રિટર્નમાં ખોટી માહિતી વધારે હોય છે અને આમાથી મોટાભાગે એવા મામલા હોય છે જેમાં ભૂલો જાણી જોઈને છોડી દેવામાં આવે છે. ટીડીએસ રિટર્ન દર ત્રીજા મહિને જમા કરવામાં આવે છે. આમાં સામાન્ય રીતે સ્થાઈ ખાતાની સંખ્યા એટલે કે પાનકાર્ડ, કોપવામાં આવેલી રકમ અને તેની વિગતો ખોટી રીતે ભરવામાં આવે છે.

# આરૂષિ કેસમાં નવમી મેએ આગામી સુનાવણી હાથ ધરાશે

નવી દિલ્હી,તા.૩

સનસનાટીપૂર્ણ આરૂષિ હત્યા કેસમાં ટ્રાયલ આજે શરૂ થઈ શકી ન હતી. સીબીઆઈ સેશન કોર્ટમાં ટ્રાયલ વિધીવત રીતે શરૂ થનાર હતી પરંતુ નૂપુર તલવારના વકીલોએ પૂરતા દસ્તાવેજો નહીં હોવાની વાત કરતા ટ્રાયલને મોકૂફ કરી દેવામાં આવી હતી. હવે આગામી સુનાવણી ૯મી મેના દિવસે હાથ ધરાશે. આરૂષી કેસ મોકૂફ થતાં કેટલાક કાયદાકીય નિષ્ણાંતોએ આ મામલે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. પોતાની ટીનેજ પુત્રી આરૂષિ અને નોકર હેમરાજની બેવડી હત્યા ૨૦૦૮માં કરવામાં આવી હતી. આ મામલામાં આરોપી નૂપુર તલવાર સામે આજે ટ્રાયલ શરૂ થનાર હતી. ગઈકાલે નૂપુર તલવારની જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ આ કેસને મેજિસ્ટ્રેટ કોર્ટમાંથી સેશન કોર્ટમાં ખસેડી લેવામાં આવ્યો હતો પરંતુ આરૂષિના વકીલે કહ્યું હતું કે તેઓ સેશન કોર્ટ દ્વારા દસ્તાવેજોના પૂરતા સેટ રજૂ કરે તેવી સ્થિતિમાં નથી. વધુ તારીખ નક્કી કરવામાં આવે તેવી માગણી તેમના વકીલો દ્વારા કરવામાં આવી હતી જેથી કોર્ટે આગામી સુનાવણી માટે ૯મી મેની તારીખ નક્કી કરી હતી. સીબીઆઈને આરોપી દંપતી રાજેશ અને નૂપુર તલવારને તમામ સંબંધિત દસ્તાવેજો આપવાનો આદેશ કર્યોહતો. પતી રાજેશ તલવાર સાથે કોર્ટમાં ઉપસ્થિત રહેલી નૂપુર તલવાર ગાઝિયાબાદની દસના જેલમાં પહેલાંથી જ ત્રણ રાત્રી ગાળી ચૂકી છે.

દરમિયાનમાં નૂપુરની કાયદાકીય ટીમ દ્વારા અલ્હાબાદ હાઈકોર્ટમાં અપીલ કરીને જામીનની માંગ કરવામાં આવી છે. બુધવારના દિવસે ગાઝિયાબાદની સેશન કોર્ટે નૂપુર તલવારની જામીન અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદ નૂપુર તલવારે રાહત માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. દરમિયાન સુપ્રીમ કોર્ટ નૂપુર તલવારની સમીક્ષા અરજી પર શુક્રવારના દિવસે સુનાવણી હાથ ધરશે. સેશન કોર્ટના આદેશ બાદ નૂપુર તલવાર હાલ દસના જેલમાં છે. સેશન કોર્ટના જજ શ્યામ લાલે તેમની જામીન અરજી ફગાવી દઈને અરજીમાં કરાયેલી દલીલો સામે વાંધો ઉઠાવ્યો હતો. સીબીઆઈની દલીલ સામે કોર્ટ સહેમત હતી. સીબીઆઈએ જ કહ્યું હતું કે નૂપુર તલવાર કેસમાં ચાલી રહેલી તપાસની પ્રગતિને રોકી શકે છે.

## અમિતાભ બચ્ચન સામેની અરજી આખરે ફગાવાઈ

બાંરાબન્કી,તા. ૩

ઉત્તરપ્રદેશના બારાબંકી જિલ્લાની એક અદાલતે મહાનાયક અમિતાભ બચ્ચનની સામે બનાવટી રીતે જમીન કબજે કરવાના મામલે દાકલ કરવામાં આવેલી ફેરવિચારણા અરજીને આજે ફગાવી દીધી હતી. સહાયક સરકારી વકીલ મોહમ્મદ જફર કાઝમીના જણાવ્યા મુજબ મસૌલી પોલીસ સ્ટેસન વિસ્તારમાં સહાવપુર નિવાસી બાબુરામે મુખ્ય જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં અમિતાભ બચ્ચનની સામે ફોજદારી ધારાની કલમ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. તેમણે કહ્યું હતું કે બચ્ચન પર ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. બચ્ચન પર એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કેટલાક કર્મચારીઓને મળીને દૌલતપુર ગામ સભામાં બિન ઉપયોગી જમીન બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરી પોતાના નામ પર કરી લીધી હતી. અત્રે ઉલ્લેખનીય ચે કે આ મામલે સુનાવણી બાદ તત્કાલીન સીજેએમ સુર્યપ્રકાશ શર્માએ નવમી જાન્યુઆરીએ અરજીને ફગાવી દીધી હતી.

# કુખ્યાત ટાઈગર હનીફ્ને ભારત મોકલવા બ્રિટન કોર્ટનો આદેશ

નવી દિલ્હી,તા. ૩

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમના ખૂબ જ નજીના સાથી અને ૧૯ વર્ષ અગાઉ સુરતમાં થયેલા બ્લાસ્ટ માટે ગુજરાત પોલીસ દ્વારા વોન્ટેડ કુખ્યાત આતંકવાદી ટાઈગર હનીફ ઉર્ફે મોહમ્મદ હનીફ ઉમરજી પટેલને ભારત મોકલવા બ્રિટનની એક કોર્ટે આદેશ કરી દીધો છે. ગુજરાત પોલીસ દ્વારા વોન્ટેડ આ શખ્સ બ્રિટનમાં ફરાર થઈ ગયો હતો. હવે બ્રિટનમાં લંડન ખાતે વેસ્ટ મિનિસ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટે પ્રત્યાર્પણ કરીને તેને ભારત મોકલવા આદેશ કર્યો છે. ભારતીય સત્તાવાળાઓને આના લીધે મોટો ફાયદો થયો છે. હનીફના પ્રત્યાર્પણથી મોટી રાહત થઈ શકે છે. ભારતીય સત્તાવાળાઓની આને જીત તરીકે જોવામાં આવે છે. સત્તાવાળાઓ અગાઉ ભારતમાં ગુનો કરીને ફરાર થયેલા શખ્સને ભારત લાવવામાં સફળતા હાથ લાગી ન હતી. નજીકના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે હનીફ ડોન દાઉદ સાથે જોડાયેલો છે. આતંકવાદી નેટવર્ક અંગે પૂરતી માહિતી તે દાઉદ પાસે પહોંચાડી રહ્યો હતો. લશ્કરે તોઈબાની પ્રવૃતિ સાથે પણ તે સંકળાયેલો છે. વિશ્વસનિય સુત્રો પાસેથી મળેલી



માહિતી ટાઈગર હનીફ દાઉદ સાથે ખૂબ જ નજીકના સંબંધ ધરાવે છે. હનીફ દાઉદ સાથે એ સમયથી સંબંધ ધરાવે છે જ્યારે દાઉદ મુંબઈમાંથી ઓપરેટ કરી રહ્યો હતો. દાઉદના ગુજરાત ઓપરેશનની જવાબદારી પણ તે સંભાળી રહ્યો હતો. ભારતમાં પાકિસ્તાન મારફતે ડ્રગ્સ અને દારૂગોળો ઘુસાડવાના મુખ્ય કેન્દ્ર તરીકે ગુજરાતને ગણવામાં આવે છે. હનીફનું મુખ્ય નામ મોહમ્મદ હનીફ ઉમરજી પટેલ છે. તે ૧૯ વર્ષ અગાઉ ગુજરાતમાં સુરત ખાતે બોમ્બ હુમલા કરવામાં સામેલ હતો. આ બ્લાસ્ટમાં ૮ વર્ષીય બાળકીનું મોત થયું હતું અને અન્ય ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. માર્ચ ૨૦૧૦માં ૫૦ વર્ષીય હનીફની ભાળ મળી હતી અને તે ગ્રેટ માન્ચેસ્ટરમાં બોલ્ટોનમાં એક સ્ટોરમાં નજરે પડ્યો હતો. ઈન્ટરપોલે હનીફના ફોટાઓ જારી કર્યા બાદ બ્રિટિશ પોલીસે આ મુજબની માહિતી ભારત સરકારને ઉપલબ્ધ કરાવી હતી. હનીફના ફોટાઓ અને તેના વર્ણન અંગેની માહિતી બ્રિટિશ પોલીસ પાસે પણ પહોંચી હતી. હનીફને શરતી જામીન મળી જતા પહેલા ધરપકડ કરવામાં આવ્યા બાદ એક વર્ષ સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યોહતો. વર્ષ ૧૯૯૩મા બ્લાસ્ટ બદલ ડઝનથી વધુ લોકોને જેલની સજા થઈ હતી. અને તમામને ૧૦થી ૨૦ વર્ષની સજા થઈ હતી. ૧૯૯૩માં બ્લાસ્ટ બાદ કોમી હિંસા ભડકી ઉઠી હતી. જાણકાર લોકોનુંકહેવું છે કે ભારતની આને મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. મામલો હવે બ્રિટિશ ગૃહ પ્રધાન પાસે છે. ટ્રાયલનો સામનો કરવા હવે હનીફને ભારત મોકલવામાં આવી શકે છે.

### રાષ્ટ્રપતિપદના ઉમેદવાર મામલે ઘમસાણ

# પ્રણવ કોંગ્રેસના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર નથી : મમતાનો મત

## રાષ્ટ્રપતિપદના ઉમેદવાર માટે કોઈ જ નિર્ણય હજુ લેવાયો નથી સોનિયા ગાંધીના ખુલાસાથી કોંગીમાં ગુંચવણ વધી

નવી દિલ્હી,તા. ૩

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિની ચૂંટણીના મુદ્દે પ્રથમ વખત પોતાની ટિપ્પણી કરી હતી. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકીય પક્ષો વચ્ચે ચાલી રહેલા ઘમસાણ વચ્ચે સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે પાર્ટી દ્વારા કોઈ નામ અંગે નિર્ણય લેવાયો નથી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાતચીત કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સોનિયા ગાંધીએ આ મુજબનો ખલાસો કર્યો હતો. રાષ્ટ્રપતિ પદ માટે રાજકીય પાર્ટીઓ વચ્ચે ચાલી રહેલા ઘમસાણ વચ્ચે નાણા મંત્રી પ્રણવ મુખર્જીની દાવેદારી મજબુત બની રહી છે ત્યારે સોનિયા ગાંધીનું આ નિવેદન આવ્યુ છે. ડાબેરીઓએ વલણ હળવુ કરતા પ્રણવની તકો વધી રહી છે પરંતુ યુપીએના ઘટકપક્ષ તૃણમુલ કોંગ્રેસે હજુ પણ ઘણી અડચણો યથાવત રાખી છે.

એક આશ્ચર્યજનક નિવેદનમાં મમતા બેનર્જીએ આજે કહ્યુ હતુ કે કોંગ્રેસે એવી જાહેરાત કરી છે કે નાણાંમંત્રી પ્રણવ મુખર્જી તેમના રાષ્ટ્રપતિપદના ઉમેદવારમાંથી કોંગ્રેસના પ્રવક્તાએ ટિપ્પણી કર્યાના થોડાક સમય બાદ જ મમતાએ આ ટિપ્પણી કરી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના નેતાએ પત્રકારો સાથેની વાતચીતમાં આ મુજબની વાત કરી હતી.પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે સ્વીકાર્ય છે કે કેમ તે અંગે પુછવામાં આવતા મમતાએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે તેઓ વધુ વાત કરવા માંગતા નથી. કોંગ્રેસ પાર્ટી તેમના અભિપ્રાય આપી ચુકી છે. કારણ કે પ્રણવ મુખર્જી કોંગ્રેસના છે.

રાજકીય પક્ષો પોત પોતાના મત આપી શકે છે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને આ મુદ્દે મમતા મળી શકે છે. અગાઉ કોંગ્રેસના પ્રવક્તા રેણુકા ચૌધરીએ કહ્યુ હતુ કે પ્રણવ મુખર્જી દાવેદાર હોઈ શકે છે. બીજીબાજુ સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મુલાયમસિંહ યાદવે કહ્યુ હતુ કે કોઈ રાજકીય નેતા જ રાષ્ટ્રપતિ હોવા જોઈએ. કેન્દ્રિય શહેરી વિકાસ પ્રધાન કમલનાથ મમતા બેનર્જીને મળ્યા હતા. બીજીબાજુ મુકુલ રોય ભાજપના નેતા અરુણ જેટલીને મળ્યા હતા.

કમલનાથ અને મમતા વચ્ચેની વાતચીત અંગે કોઈ વાત જાહેર કરવામાં આવી નથી. કોંગ્રેસે ગઈકાલે જ કહ્યુ હતુ કે રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના નામ પર કોઈ પણ સહમતી થઈ નથી પરંતુ સહમતી માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. બીજીબાજુ મમતા બેનર્જીએ સોનિયા ગાંધી સાથે પણ વાતચીત કરી હોવાની ચર્ચા ચાલી રહી છે.